<u>**સફળ વાર્તા**</u>

કપાસનું આધુનિક અને આદર્શ ફાર્મ

# <u>''ગોવર્ધન ફાર્મ''</u>

સણોસરા–સરદારગઢ રોડ ઉપર

ભગવાનજીભાઈ ગોકળભાઈ કરડાણી
ગામઃ સણોસરા, તા. માણાવદર, જી.જૂનાગઢ
મો. ૯૪૨૬૦ ૧૩૫૯૮

ભગવાનજીભાઈ '' સારુ એ મારુ'' માં માનનાર આધુનિક ખેતી કરતાં પ્રગતિશીલ ખેડુત છે. જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીનાં વૈજ્ઞાનિકો સાથે ખેતીની આધુનિક અને ભલામણ થયેલ ટેકનોલોજી અંગે ચર્ચા વિચારણા કરી પોતાની ખેતીમાં સમયસર અમલવારી કરે છે.

❖ <u>**પોતાનાં કપાસનાં ફાર્મમાં અમલ કરેલ ટેકનોલોજી**</u>

(૧) દર વર્ષે એકની એક જમીનમાં કપાસ ન વાવતા પાકની ફેરબદલી કરે છે. એક વર્ષ મગફળી તે જ ખેતરમાં બીજા વર્ષે કપાસનું વાવેતર કરે છે.જેના કારણે રોગ– જીવાત ઓછા આવે છે. તેમજ જમીનની ફળદ્રુપતા જળવાઈ રહે છે.

(૨) હમેંશા માન્ય કંપનીનાં બી.ટી. કપાસનું જ વાવેતર કરે છે.

(૩) પાણીની સુવિધા ઓછી હોવાથી ૨૫ વિઘામાં ટપક સિંચાઈ (ડ્રીપ પધ્ધતિ) પધ્ધતિથી કપાસનું વાવેતર કરેલ છે.

(૪) વહેલુ કે મોડું વાવેતર ન કરતાં સમયસરન જુન મહિનાનાં પ્રથમ અઠવાડિયામાં વાવેતર કરેલ છે.

(૫) એકમ વિસ્તાર દીઠ છોડની પૂરતી સંખ્યા જળવાઈ રહે તે માટે વાવેતર બાદ ૮ થી ૧૦ દિવસમાં ખાલા પૂરી દીધેલ છે.તેમજ સમયસર પારવણી પણ કરેલ છે.

(૬) કપાસનાં પાકમાં સમયસર પ્રકાશપીંજર તેમજ ગુલાબી ઈયળનાં ફેરોમેન ટ્રેપ લગાડવામાં આવેલ છે.

(૭) કપાસનાં પાકમાં નિંદામણનું તણખલુંપણ જોવા મળેલ નથી એટલે કે કપાસનો પાક નિંદામણ મુકત છે.

(૮) હમેંશા માન્ય કંપનીઓની દવાઓ ખરીદવાનો આગ્રહ રાખે છે અને ભલામણ પ્રમાણે જ પ્રમાણ જાળવે છે.

(૯) કપાસની ઉંચાઈ ૪$^{૧}/_{૨}$ થી ૫ ફુટ સુધી જ જાળવે છે.ત્યારબાદ કપાસની અગ્રડૅંખ કાપી નાખે છે. અથવા વૃદ્ધિ નિયંત્રક હોર્મોન્સનો છંટકાવ કરે છે. જેનાં લીધે કપાસમાં ફુલ, ભમરી, ચાંપવા ખરવાનું પ્રમાણ ઘટે છે અને ઉત્પાદનમાં વધારો થાય છે.

(૧૦) નવી ટેકનોલોજીનો પ્રથમ પોતાનાં ખેતરમાં જ અખતરો કરે છે. તેમાં સફળતા મળ્યા બાદ જ અન્ય ખેડુતોને સલાહ આપે છે.

આ ઉપરાંત વૈજ્ઞાનિકો દ્વારા કપાસની અન્ય ટેકનોલોજીની માહિતી પૂરી પાડવામાં આવેલ છે.જેમ કે,

(૧) કપાસનાં એકલા પાકનું વાવેતર ન કરતાં કપાસ સાથે અન્ય કઠોળ વર્ગનાં પાક કે મગફળી, તલ વગેરે પાકનું વાવેતર કરવુ જોઈએ.

(૨) કપાસનું પહોળા અંતરે વાવેતર ન કરતાં સાંકડા ગાળે અનુકૂળ જાતોનું વાવેતર કરી કપાસનાં પરિપકવતાનો ગાળો ટુંકાવી શિયાળામાં અન્ય પાકનું વાવેતર કરવું જોઈએ.

(૩) કપાસનું વધુ ઉત્પાદન મેળવવા માટે પાયાનાં ખાતર તરીકે ઝીંક સલ્ફેટ ૨૫ કિ.ગ્રા./હેકટર આપવુ.

(૪) જયારે કપાસનાં પાકમાં પુષ્કળ ફુલ અને જીંડવા જોવા મળે ત્યારે પોટેશીયમ નાઈટ્રેટ ૩ ટકા(૩૦૦ ગ્રામ/૧૦૦ લીટર)નાં દ્રાવણનો છંટકાવ કરવો.

(૫) આ ઉપરાંત ૧૯–૧૯–૧૯ (ના.ફો.પો.) ખાતર ૧૦૦ ગ્રામ તેમજ જી એસ એફ કંપનીનું માઈક્રોમિક્ષ(ફોરગ્રેડ) ૨૫ ગ્રામ ૧૦ લિટર પાણીમાં ભેળવી છંટકાવ કરવો જોઈએ.

આ રીતે ભગવાનજીભાઈ કપાસની આધુનિક ખેતી કરી રહયા છે.જે કપાસની ખેતી કરતાં અન્ય ખેડુતો માટે પ્રેરણારૂપ બની રહયા છે.કપાસની ખેતી સાથે સંકળાયેલ વૈજ્ઞાનિકો, ખેતીખાતાનાં તજજ્ઞો, વિસ્તરણ અધિકારીઓ, ગ્રામ સેવકો, તાલીમ વ્યવસ્થાપકો તેમજ ખેડુતોએ ભગવાનજીભાઈની વાડીની એક વાર મુલાકાત અવશ્ય લેવી જોઈએ.

